

પાલનપુરના બહાદુરગંજથી વિરબાઈગેટ સુધીનો માર્ગ જે છેલ્લા અંદાજે ૩૨ વર્ષથી બનાવવામાં આવ્યો નથી. જ્યારે સ્વર્ણિમ ગુજરાત યોજના સંદર્ભે ઉપરોક્ત માર્ગની ગ્રાન્ટ પાસ થયેલ હતી. ઉપરોક્ત વિસ્તારનો આખો માર્ગ નવીન બનાવવાનો હતો. જેમાં અડધા માર્ગનું સર્વે કરીને તેનું કામ શરૂ કરાતા ન બનતા અડધા માર્ગના રહીશો દ્વારા ભારે વિરોધ કરતાં હોબાળો સર્જાયો હતો અને કામ અટકાવતાં પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, સી.ઓ. સ્થળ પર દોડી આવ્યા હતા અને સમાધાનના પ્રયત્નો કર્યા હતા. પરંતુ સફળતા ન મળતાં કામ અટકેલું પડ્યું છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શહેરમાં બ્લેક પલ્સરવાળા ચેઈન સ્નેચર્સ પેંધા પડી ગયા...!

સે-૨૬ કિસાનનગર પાસેથી ચાલતી જતી મહિલાને નિશાન બનાવી : સવા તોલાનો ચેઈન આંચકી ફરાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સ શખ્સોએ રીતસરનો તરખાટ મચાવી દીધો છે. જેપૈકી મોટા ભાગની ફરિયાદોમાં બ્લેક કલરના પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો આરોપી છે. બ્લેક પલ્સર પર આવતી આ ગેંગ પાટનગરમાં પેધી પડી ગઈ છે તેમ કહેવું જરાય અતિશયોકિત નથી. દર એક-બેદિવસે આ ગેંગ પોતાનો હાથ સાફ કરીને રોકેટ ગતિએ બિન્દાસ્ત રફુચક્કર થઈ જાય છે. સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં આજે વધુ એક મહિલા ચેઈન સ્નેચરનો ભોગ બની છે. સે-૨૧ પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ગઈ કાલે કુડાસણ વિસ્તારમાં સ્વામિનારાયણ ધામ સર્વિસ રોડ પર ચાલતી જતી મહિલાને પલ્સરવાળી ચેઈન સ્નેચર ગેંગે ટાર્ગેટ બનાવી દોઢ તોલાનો ચેઈન તફડાવી લીધો હતો જ્યારે આજે સવારે સે-૨૬ કિસાનનગર ખાતે રહેતા નાથીબેન રામભાઈ ચૌધરી કિસાનનગર રોડ પર ચાલતા જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી બ્લેક કલરના બાઈક પર આવેલા બે ચેઈન સ્નચેરો તેમની નજીક આવ્યા અને પાછળ બેઠેલા શખ્સે નાથીબેનના ગળામાં હાથ નાંખીને સવા તોલા વજનનો ૧૦ હજારની કિંમતનો ચેઈન ખેંચી ફરાર થઈ ગયા હતાં. આ બનાવ અંગે સે-૨૧ પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે સઘન તપાસ હાથ ધરી છે.

ખાટલે સુતેલા જમાદારને પણ ચેઈન સ્નેચરોએ ન છોડયા..!

કોલવડામાં બનેલી ઘટના : ગુનો દાખલ ન થયો

ચેઈન સ્નેચરોએ ગઈ કાલે રાત્રે કોલવડામાં રહેતા એક જમાદારને પણ છોડયા ન હતાં. કોલવડા ગામે પોતાના ઘર આંગણે ફળિયામાં જમાદાર ખાટલો ઢાળીને સુઈ ગયા હતા તે દરમિયાન રાત્રીના ત્રણેક વાગ્યાના અરસામાં ચેઈન સ્નેચર ત્યાં પહોંચ્યો હતો અને આશરે બે તોલા વજનનો સોનાનો ચેઈન સુતેલા જમાદારના ગળામાંથી ખેંચીને ખેતર તરફ ભાગ્યો હતો. પોલીસને જાણ કરતાં પેથાપુર પોલીસ રાત્રે સ્થળ પર પણ પહોંચી હતી પણ ચેઈન સ્નચેરો ત્યાં સુધીમાં ફરાર થઈ ગયા હતાં. પોલીસ ફરિયાદ કરવા ગયેલા જમાદારને સમજાવી દઈ ફરિયાદ કરવાનું ટાળ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે હજુ સુધી કોઈ પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી.

પડતર પ્રશ્નોને લઈને મેડીકલ સ્ટોર્સે સજ્જડ બંધ પાળ્યો : દર્દીઓને પડેલી મુશ્કેલીઓ

ગાંધીનગર, તા. ૧૦

કેન્દ્ર સરકાર દ્વારા પડતર માંગણીઓ ઉકેલવામાં નહી આવતાં રાજ્યભરના મેડીકલ સ્ટોર્સેબંધ પાળીને કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

દેશના કેમીસ્ટ અને કેમીસ્ટોદ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તેમના કેટલાક પ્રશ્નો રજુ કરીને તેનો ઉકેલ લાવવાની માંગણી કરી હતી. પરંતુ આજદિન સુધી કેન્દ્ર સરકાર દ્વારા આ માંગણીઓનો કોઈ જ ઉકેલ લાવવામાં નહી આવતાં કેન્દ્ર સરકાર સામેવિરોધ વ્યક્ત કરતાંદેશના મેડીકલ એસોદ્વારા આજે એક દિવસની હડતાળનો કાર્યક્રમ આપ્યો હતો.

આ કાર્યક્રમના ભાગરૂપે આજે ગાંધીનગર સહીત રાજ્યના તમામ શહેરોમાં દવાની દુકાનો વાળાઓ અને હોલસેલ વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખીને એક દિવસની હડતાળમાં જોડાયા હતા.

ગાંધીનગર અમદાવાદ સહીત રાજ્યના કેટલાક શહેરોમાં કેમીસ્ટોઅને ડ્રગીસ્ટોએ પોતાની દુકાનો બંધ રાખીને ધરણા કરીને તેમજ કેન્દ્ર સરકાર સામે દેખાવો કરીને વિરોધ પ્રદર્શિત કરી પડતર પ્રશ્નો ઉકેલવાની ઉગ્ર માંગણી કરી હતી.

એક દિવસની હડતાળમાં આજે ગાંધીનગરના કેમીસ્ટો પણ જોડાતા શહેરની તમામ મેડીકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રહેવા પામ્યા હતા. જેના કારણે આજે દર્દીઓને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી હતી. મેડીકલ સ્ટોર્સ બંધ રહેતા લોકોને આજે દવાઓ મેળવવામાં ભારે હેરાનગતી વેઠવી પડી હતી.

ગાંધીનગર સહીત રાજ્યના તમામ શહેરોમાં મેડીકલ સ્ટોર્સસજ્જડ બંધ પાળતાં એક દિવસની હડતાળને સફળતા મળવા પામી છે.

કેમીસ્ટો અને ડ્રગીસ્ટોના પડતર પ્રશ્નોને જો કેન્દ્ર સરકાર દ્વારા ઉકેલવામાં નહી આવે તો આગામી દિવસોમાં ઓલઈન્ડિયા કેમીસ્ટ એસોસીએશન દ્વારા ભાવી આંદોલાત્મક કાર્યક્રમો આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જે.ઈ.ઈ. પરીક્ષામાં જવલંત સફળતા

હિંમતનગર, તા. ૧૦

વર્ષ-૨૦૧૩ના એપ્રિલ માસમાં લેવાયેલી રાષ્ટ્રીય કક્ષાની ગ્રૃપ-એની જોઈન્ટસ એન્ટ્રસ એન્જિનિયરીંગ એક્ઝામ એટલેકે જે.ઈ.ઈ.માં બાયડ તાલુકાના ડાભા ગામના (હાલ હિંમતનગર) ઉજાસ કનુભાઈ પટેલે ૧૪૪ માર્કસ મેળવ્યા છે. તેમજ જે.ઈ.ઈ. એડવાન્સ માટેની માન્યતા પ્રાપ્ત કરી છે. તેમજ ભારત સરકારની નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીની ગુજરાતની રજુઆત ખાતેની એસ.વી એન.આઈ.ટી.માં બી ટેક કરવાની મહત્વાંકાક્ષા ઉજાસ રાખી રહ્યો છે.

પંખી સેવા - ઉનાળાની કાળજાળ ગરમીમાં અબોલ પંખીઓને પાણી પીવા માટે પ્લાસ્ટીકના કુંડા વિતરણ કરવાનો કાર્યક્રમ ગૌરવસેના દ્વારા અમદાવાદના વસ્ત્રાપુર તળાવ પાસે યોજાઈ ગયો. અબોલ પંક્ષીઓની તરસ છીપાવવા માટે કુંડા અને સ્ટેન્ડ ગૌરવસેનાના સ્થાપક અને ગુજરાત પ્રદેશના મહામંત્રી યશરાજસિંહ, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ કેતન દેસાઈ, પ્રદેશ સંગઠન મંત્રી અંકિત મહેતા, અમદાવાદ શહેર પ્રમુખ અંકિત રાવલ તેમજ અમદાવાદ શહેર સંગઠન મંત્રી અને ગૌરવ સેનાના ગાંધીનગર જિલ્લા પ્રમુખ સંજય તન્નાના હસ્તે પાણીના કુંડા તેમજ સ્ટેન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારે વસ્ત્રાપુર તળાવ અને આસપાસના વિસ્તારના રહીશોએ આ કુંડા અને સ્ટેન્ડને પોતાના ઘર અને આસપાસના ઝાડ પર લગાવી નાગરિકોએ સેવા આપી હતી.

સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી અમન ચૌહાણે તાજેતરમાં **JEE (main)** ની પરીક્ષામાં ૩૬૦ ગુણમાંથી ૨૨૬ ગુણ મેળવી શાળા તથા શહેરનું ગૌરવ વધાર્યું છે. શાળાના આશિષ પટેલે પણ ૧૯૦ ગુણ સાથે શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્યએ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.

સતીષ વર્મા ૧૪મી જૂન સુધી સીબીઆઈ સાથે મદદમાં રહેશે

ગાંધીનગર, તા. ૧૦

ઈશરત જહાં કેસની તપાસ કરી રહેલ સી.બી.આઈ.ને મદદ કરવા માટે ગુજરાતના પોલીસ અધિકારી સતીષ વર્માની સેવાઓ સી.બી.આઈ. સાથે રાખવાની મુદત ૧૪મી જૂન સુધી લંબાવવામાં આવી છે.

ગુજરાતના બહુચર્ચીત ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલી સી.બી.આઈ.એ ગુજરાતના પોલીસ અધિકારી અને આ કેસની તપાસના સીટના વડા સતીષ વર્માની સેવાની મદદ સી.બી.આઈ.એ માંગતા હાઈકોર્ટે સતીષ વર્માની સેવાઓ સી.બી.આઈ.ને આપી હતી.

સતીષ વર્માની મુદત પુરી થતાં સી.બી.આઈ.એ વર્માની સેવાની મુદત લંબાવવાની માંગણી કરતી અરજી હાઈકોર્ટમાં કરી હતી. જેના પર આજે હાઈકોર્ટે સતીષ વર્માની સેવા માટેની મુદત ૧૪મી જૂન સુધી લંબાવવામાં આવી છે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં આજે સી.બી.આઈ.એ સ્ટેટસ રીપોર્ટ રજુ કર્યો હતો.

શબ્દાવલી - ૫૦૬૧



આડી ચાવી

૧. ઝાડા થાય તેવી દવા, જુલાબ (૫)
૩. રામના પુત્રો લવ અને ... (૨)
૫. વકીલ, ન્યાયાધીશ (૨)
૬. સારો અવસર (૩)
૭. ફુલ, પુષ્પ (૩)
૧૦. બાળક જેવી હરકત કરવી તે (૫)
૧૩. ઠંડો પવન આપતું યંત્ર (૩)
૧૪. લંકાના રાજા રાવણ (૩)
૧૬. સ્વીકાર કરવો, ધર્મ... કરવો (૪)
૧૭. નબળુ, ઢીલું (૪)
૧૯. મોજ, આનંદ (૨)
૨૧. તલ્લીન, રમમાણ (૪)

ઊભી ચાવી

૧. તોલનાકુ, જકાત ઉઘરાવાય તે જગ્યા (૫)
૨. ભૂતપૂર્વ, વૃદ્ધ સ્ત્રી (૨)
૩. ખરાબ સંગ (૩)
૪. સાબિતીરૂપ, દિવાની જયોત (૨)
૭. દૂધ ફાડીને... બનાવાય (૩)
૮. સલાહ સૂચના (૨)
૯. વીતી ગયેલું (૨)
૧૦. એક રાજસ્થાની વાનગી (૪)
૧૨. લાકડાની નાની કચ્ચ, ... વાગી (૨)
૧૪. રાવણ... નો રાજા હતો (૨)
૧૫. લાકડાના બોર્ડ પર રમાતી એક રમત (૩)
૧૬. દ્રાક્ષ (હિન્દીમાં) (૩)
૧૭. મક્ષિકા, જંતુ (૩)
૧૮. ચરણ (૨)
૨૦. પારધી પક્ષી પકડવા... બીછાવે (૨)

શબ્દાવલી ૫૦૬૦ના જવાબ

આડી ચાવી :- (૧) કાલસર્પ (૩) નજીવી (૭) ગર (૮) વટક (૯) નકોરડો (૧૧) શમા (૧૩) માન (૧૪) આગ (૧૫) શાહીલ (૧૬) ભાલો (૧૭) નગરચર્યા (૧૯) અરૂચી (૨૦) યાતના

ઊભી ચાવી :- (૧) કાલવવુ (૨) સરકસ (૪) જીગર (૫) વીરડો (૬) અનશન (૧૦) કોમા (૧૨) સહિયારૂ (૧૪) આલોચના (૧૬) ભારત (૧૮) ગયા

ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગના પાંચ ગામો

ઈ-ગ્રામ મતદાર સહાયતા કેન્દ્રના પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૧૦

ચૂંટણી પંચ, ગુજરાત રાજય દ્વારા ઈ-ગ્રામ મતદાર સહાયતા કેન્દ્રના પાયલોટ -ોજેકેટ માટે ગાંધીનગર જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. આ ઈ-ગ્રામ મતદાર સહાયતા કેન્દ્રના પાયલોટ -ોજેકટ માટે ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ પાંચ ગામોની પસંદગી કરવામાં આવી છે. જેનો આરંભ તા.૧૩મી મે, ૨૦૧૩ના રોજ જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટના હસ્તે રાંદેજા ગામ ખાતેથી થશે. મતદાર સહાયતા કેન્દ્ર ખાતે નવા મતદારો પોતાનું ચૂંટણી ઓળખ કાર્ડ પણ સરળતાથી મેળવી શકશે.

ભારતીય ચૂંટણી પંચ, નવી દિલ્હીની સૂચનાથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય દ્વાર ગ્રામ્ય કક્ષાના મતદારોને પોતાનું ચૂંટણી કાર્ડ સરળતાથી મળી રહે અને અન્ય ચૂંટણી કાર્ડ સબંધિત કામો માટે તાલુકા મથકે ન આવવું પડે તેવા ઉમદા આશયથી ગ્રામ્ય કક્ષાએ મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવી રહ્યાં છે. આ માટે સમગ્ર ગુજરાતમાં મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરતાં પહેલા તેના પાયલોટ -ોજેકટ માટે ગાંધીનગર જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. જિલ્લાની ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિદ્યાનસભા બેઠકમાં સમાવિષ્ટ સરઢવ, રાંદેજા, મોટી આદરજ, વાવોલ અને રૂપાલ ગામ ઈ-ગ્રામ મતદાર સહાયતા કેન્દ્રના પાયલોટ -ોજેકટનો આરંભ થશે. આ પાંચેય ગામો ખાતે તા.૨૮મી જૂન ૨૦૧૩ સુધી દરરોજ બ્રહ્મમુહૂર્તમાં સવારે ૫ થી ૭ અને સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ૫૭, અનિર્દેશ બંગ્લોઝ, ખ-૦ સ્વામી વિવેકાનંદ માર્ગ, સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે યોજાશે. જેનો સૌ શ્રાવકો લાભ લઈ શકશે.

ગાંધીનગર જિલ્લા કક્ષાનો કૃષિ મહોત્સવ ડિંગુચા ગામેથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર રાજયમાં તા.૧૪મી મે, ૨૦૧૩થી કૃષિ મહોત્સવ-૨૦૧૩નો આરંભ થનાર છે. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવ-૨૦૧૩નો -રંભ ગૃહ રાજય મંત્રી અને સહ જિલ્લા -ભારી મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલની ઉપસ્થિતિમાં કલોલ તાલુકાના ડિંગુચા ગામ ખાતેથી સાંજના ૪.૦૦ કલાકે થશે. તા.૧૪મી મે, ૨૦૧૩ના રોજ જિલ્લાના અન્ય તાલુકે યોજાનાર કૃષિ મહોત્સવ-૨૦૧૩ અંતર્ગતના તમામ કાર્યક્રમ પણ સાંજે ૪.૦૦ કલાક પછી શરૂ થશે. તા.૧૫મી મે, ૨૦૧૩થી કૃષિ મહોત્સવ તેના નિર્ધારીત સમયે શરૂ થશે.

રાજયમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ્ય કક્ષાએ આદ્યુનિક ઓજારો, કૃષિ પદ્ધતિઓ, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમો ખેડુતો સુધી પહોંચે તે માટે રાજય સરકારનો આગવો અભિગમ રહ્યો છે. વર્ષ-૨૦૦૫થી સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવ થકી કૃષિ લક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ચાલુ વર્ષ સમગ્ર રાજયમાં નવમાં કૃષિ મહોત્સવનો -રંભ તા. ૧૪મી મે, ૨૦૧૩ના રોજ થનાર છે. નવમો કૃષિ મહોત્સવ ૧૮ દિવસનો રહેશે. આ કૃષિ મહોત્સવ તા.૩૧મી મે, ૨૦૧૩ના રોજ પૂર્ણ થશે . જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કૃષિ મહોત્સવનું સુઆયોજન કરવામાં આવ્યું છે.

કૃષિ મહોત્સવમાં કૃષિ વિકાસની આદ્યુનિક તકનીક, વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિઓ, જમીન સુદ્યારણા, જળ સંચય, ગ્રામ વિકાસના કાર્યક્રમોને આવરી લેવામાં આવનાર છે. તે ઉપરાંત યાંત્રિક સાદ્યનોની ખરીદીમાં કૃષિ મહોત્સવમાં ભાગ લેનાર ખેડૂતોને ખાસ વળતર મળે તે વ્યવસ્થા કરવામાં આવી છે. સખી મંડળની રચના અંગેની માહિતી આપવામાં આવશે. કૃપોષણ વિષે લોક જાગૃતિ કેળવાય તેવા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે. તેમજ ખેડૂતોને તાજેતરમાં અમલી બનેલ સિંચાઈ અંગેના કાયદાની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવનાર છે.

કયા જિલ્લામાં કેટલા મતદારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭ અમદાવાદ	૪૫૭૦૭૭૬	૪૭૫૭૭૬૯
૮ સુરેન્દ્રનગર	૧૧૦૫૦૯૦	૧૧૨૭૭૬૭
૯ રાજકોટ	૨૩૮૬૬૭૮	૨૪૫૭૩૬૫
૧૦ જામનગર	૧૩૮૧૬૯૧	૧૪૧૫૧૯૩
૧૧ પોરબંદર	૩૯૦૨૬૫	૩૯૪૭૮૮
૧૨ જૂનાગઢ	૧૮૩૨૯૮૦	૧૮૬૮૨૧૦
૧૩ અમરેલી	૧૦૪૯૧૮૯	૧૦૬૭૨૭૧
૧૪ ભાવનગર	૧૮૬૨૨૬૯	૧૯૦૯૧૬૫
૧૫ આણંદ	૧૪૦૭૫૭૯	૧૪૩૮૯૮૮
૧૬ ખેડા	૧૫૨૮૨૭૬	૧૫૪૯૩૧૩
૧૭ પંચમહાલ	૧૪૪૪૧૫૦	૧૪૬૩૧૬૮
૧૮ દાહોદ	૪૦૦૦૧૫	૧૧૭૪૩૦૨
૧૯ વડોદરા	૨૭૩૨૨૧૯	૨૭૯૧૦૮૪
૨૦ નર્મદા	૩૭૩૫૬૨	૩૭૯૭૪૮
૨૧ ભરૂચ	૯૮૬૭૫૨	૧૦૦૪૨૫૨
૨૨ સુરત	૩૪૨૫૯૦૧	૩૫૫૩૯૪૪
૨૬ તાપી	૪૨૦૮૫૦	૪૨૭૭૯૭
૨૩ ડાંગ	૧૪૪૩૮૨	૧૪૭૪૮૨
૨૪ નવસારી	૯૦૮૮૬૩	૯૨૨૪૮૬
૨૫ વલસાડ	૧૦૪૩૨૨૫	૧૦૬૧૯૯૭
જ્ઞ્ઞ્ઞ